‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

- વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.
- તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.
- તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.
- તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

સપ્તાહની તસવીર

‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **કક્ષા સરવાણી**ની છે. એમણે ડિપ્લોમા ઇન ફેશન ડિઝાઇનિંગ કર્યું છે. કક્ષા મોડેલ અને ઇન્ફલુએન્સર છે અને એક પ્રોડક્શન હાઉસમાં મેનેજર છે. એમને ટ્રાવેલિંગ, પેન્ટિંગ અને કુકિંગનો શોખ છે.

પ્રિય સન્નારી

કેમ છો? મજામાં ને?

તહેવારના દિવસો આવી રહ્યા છે. તબિયત સાચવશો તો જ તહેવારોની મજા લઇ શકશો. ખરું ને? મિત્રો, શું તમને ખબર છે આજે ૩૧ મી ઓક્ટોબરે કયો ખાસ દિવસ છે? આજે છે ‘રાષ્ટ્રીય એકતા દિવસ.’ આપણા સૌના પ્રિય એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી.

આ વાત તો આપણે સૌ જાણીએ છીએ કે લોકલાડીલા સરદાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદી વેળા કેટલાં મહત્ત્વનાં પગલાં લીધાં હતાં અને તેમની મહેનત અને સૂઝબૂઝને કારણે જ આજે આપણે અખંડ ભારતમાં રહીએ છીએ. ૫૫૦ રાજારજવાડાંઓને એક કરીને ભારતમાં તેમનો સમાવેશ કરવો એ કંઈ નાનુંસૂનું કામ ન હતું. વર્તમાન પરિસ્થિતિની જ વાત કરી લો. આજે આપણે શું દરેક જાતિ - ધર્મના લોકોને એકમત કરી શકીએ છીએ? આજે દેશમાં કેટકેટલી જગ્યાઓ પર આંદોલન અને વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યાં છે. દેશમાં દરેક જાતિ, ધર્મ અને વળી જુદી ભાષા બોલનારા લોકો રહે છે. દરેકની માન્યતાઓ, વિચારસરણી , રૂઢિઓ અને રહેણીકરણી અલગ અલગ હોય છે અને દરેક વર્ગ પોતાની વાત પર મક્કમ છે અને બિલકુલ પણ બાંધછોડ કરવા તૈયાર નથી અને આવી જ કઈ પરિસ્થિતિ આઝાદી વખતે પણ ભારતમાં હતી. ૫૫૦ રજવાડાં પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ માંગતાં હતાં અને એ બધાંને યેન કેન પ્રકારેણ ભારત સાથે જોડાયેલા રહેવા માટે સમજાવવા એ કંઈ રમતની વાત ન હતી. આ અશક્ય દેખાતું કાર્ય જે કરી શક્યા તે આપણા સરદાર વલ્લભભાઈ પટેલ અને એટલે જ તેમના જન્મદિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરદાર પટેલે આપણા દેશને અખંડ રાખવા માટે જે મહેનત કરી હતી તેનું ઋણ આપણે ક્યારેય ન ચૂકવી શકીએ પરંતુ દેશને અખંડ રાખવાના પ્રયત્નો તો કરતા રહીએ. દેશમાં એકતા જાળવીને અને બધાં સાથે હળીભળીને રહેવાના પ્રયત્નો તો કરી જ શકીએ છીએ. બરાબર ને?

મિત્રો, ૩૧ ઓક્ટોબર ‘વર્લ્ડ સેવિંગ્સ ડે’ તરીકે પણ ઉજવાય છે. લોકોમાં નાણાંકીય જ્ઞાન વિષે જાગૃતિ આવે, લોકો જવાબદારીપૂર્વક મની મેનેજમેન્ટ કરે અને બેંકમાં પૈસાની બચત કરતા શીખે તે હેતુથી ‘વર્લ્ડ સેવિંગ્ઝ ડે’ની ઉજવણી કરવામાં આવે છે. આ વાત તો સૌ જાણે જ છે કે જીવનનિર્વાહ માટે પૈસા પ્રાથમિક જરૂરિયાત બની જાય છે. જો કે પૈસા કમાવા એ એક વાત છે અને પૈસાનું યોગ્ય રીતે ઈન્વેસ્ટમેન્ટ કરવું અને લોંગ ટર્મ સેવિંગ્ઝ કરવું એ બીજી વાત છે. સાચું જ કહેવાયું છે કે ,’A penny saved is a penny earned’ એટલે કે આપણી બચત જ આપણી મૂડી છે. નાની નાની બચત ભવિષ્યમાં મોટાં ફળ આપી શકે છે. આવકમાંથી જરૂરી ખર્ચ કર્યા બાદ અમુક હિસ્સો બચત તરીકે બેંકમાં મૂકવો કે પછી ઈન્વેસ્ટ કરવું એ યોગ્ય સેવિંગ્સની નિશાની છે. બાળક નાનું હોય ત્યારથી જ આપણે તેને બચત કરતા શીખવીએ છીએ. જેમ કે, એક નાની પિગી બેંકમાં ભેગા કરેલા સિક્કા લાંબાગાળે એક મોટી રકમ બની શકે છે. આ સેવિંગ્સ જરૂરિયાત પડે ત્યારે ‘સંકટ સમયની સાંકળ’ તરીકેનું કામ કરે છે. આ વાત તો કોવિડ ૧૯ વખતે જે લોકડાઉન લાગેલું ત્યારના અનુભવો પરથી આપણને સ્પષ્ટ રીતે સમજાય જ ગઈ હશે, નહિ?

કેટલાંક બેફામ પૈસા ખર્ચે છે અને સેવિંગ્સ કરતા નથી. તો કેટલાંક એવું માને છે કે ‘ચાદર પ્રમાણે પગ ફેલાવાને બદલે ચાદર જ મોટી કરી લેવી જોઈએ.’ ચોક્કસ, એક રીતે જોઈએ તો તેવું માનવું પ્રગતિ તરફ લઇ જઈ શકે છે. પરંતુ કોઈ પણ ગાડીને એક્સીલરેટર સાથે બ્રેક પણ હોવી જરૂરી છે. ફક્ત એક્સીલરેટ કરવાથી અકસ્માતની શક્યતા રહે છે એટલે ચોક્કસ પ્રગતિ કરો, જરૂરિયાત મુજબ ખર્ચ પણ કરો પરંતુ થોડું સેવિંગ્સ પણ કરો. ફક્ત કમાણી તમને આર્થિક પ્રગતિ કરી આપે છે પરંતુ યોગ્ય ઈન્વેસ્ટમેન્ટ અને બચત તમારું ભવિષ્ય સ્થિર બનાવે છે. કયારેક નોકરી જતી રહે, મંદી આવે કે દેવું થઇ જાય ત્યારે જો બચત કરેલી હશે તો તે તમારો કપરો સમય કાઢવામાં મદદરૂપ થશે. જો શરૂઆતથી જ પ્લાનીંગ કરીને ઈન્વેસ્ટમેન્ટ કર્યું હોય તો બાળકો મોટાં થાય ત્યારે તેમના ઉચ્ચ ભણતર માટે કે લગ્ન માટે કે આકસ્મિક મોટા ખર્ચા આવી જાય ત્યારે તે કામ લાગે છે. ઘડપણમાં આકસ્મિક મોટી માંદગી આવી જાય કે રીટાયર્ડમેન્ટ પછી કોઈ પાસે હાથ ફેલાવવા ન પડે તે માટે પણ સેવિંગ્સ જરૂરી છે. લોકડાઉનનો જ સમય યાદ કરી લો ને! તે સમયે કેટલા લોકોની નોકરી જતી રહી હતી, ઘણાં લોકોનાં કામકાજ ઠપ થઈ ગયાં હતાં. સામે ખર્ચા ઊભા હોય અને કમાણી બિલકુલ ન હોય ત્યારે એક એક દિવસ કાઢવો મુશ્કેલ બની જાય છે. આપણે ઘણી વાર ન્યૂઝ વાંચીએ છીએ કે આર્થિક તંગીને કારણે જે-તે વ્યક્તિએ આપઘાત કરી લીધો.

આવી પરિસ્થિતિ ન ઊભી થાય તે માટે પણ સેવિંગ્સ કરતા રહેવું જોઈએ.

જરૂરી નથી કે મોટું ઈન્વેસ્ટમેન્ટ કરવું કે બચત માટે મોટી રકમ બાજુ પર મૂકી દેવી. દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા પ્રમાણે બચત કરે. કહેવાય છે કે ને કે ‘ટીપે ટીપે સરોવર ભરાય’ એમ નાની નાની બચત ભવિષ્યમાં મોટો જળપ્રવાહ બનીને આપણું જીવન બચાવી શકે છે, ભવિષ્યને સ્થિર અને સુરક્ષિત બનાવે છે. બરાબર ને? તો ચાલો, થોડી બચત કરતા થઈએ ,આપણાં અને આપણાં બાળકોના ભવિષ્યને સુરક્ષતિ બનાવીએ.

ચાલો, આવજો. ફરી મળીશું આવતા સપ્તાહે.

- સંપાદક